# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩ તા.૧૦-૪-૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- ધોરણ ૧ થી ૮ના પરિણામપત્રકો ચેક કરાવવા અને પરિણામ જાહેર કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે પોતાના બીટના સુપરવાઈઝરશ્રી પાસેથી સમય મેળવીને **તા.૧-૫-૧૮ અને તા.૨-૫-૧૮** દરમ્યાન પરિણામપત્રકો ચેક કરાવવાના રહેશે.ધો.૧ થી ૮ના વિદ્યાર્થીઓનું પરિણામ **તા.૪-૫-૧૮**ના રોજ જાહેર કરવાનું રહેશે અને તે દિવસે શાળા સમય દરમિયાન વર્ગશિક્ષકે જાતે હાજર રહીને વાલી વિદ્યાર્થીને પરિણામ આપવું. પરિણામના દિવસે કોઈ વિદ્યાર્થી પરિણામ લેવા ન આવે તો તે તમામ પરિણામ મુખ્ય શિક્ષકશ્રીએ પોતાની પાસે રાખવા અને ત્યારબાદ આવનાર વાલી-વિદ્યાર્થીને આપવા.

આઠમાં ધોરણમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના સ્કૂલ લીવિંગ  સર્ટી.માં કોઈપણ ભૂલ રહી ન જાય તથા છેકછાક ન થાય તે રીતે તૈયાર કરવાની જવાબદારી મુખ્ય શિક્ષકશ્રીની છે. સ્કૂલ લીવિંગ સર્ટી.જે તે વિદ્યાર્થીના વાલીના જ હાથમાં આપવું.

ઉનાળુ વેકેશન **તા.૭-૫-૧૮ થી ૧૦-૬-૧૮ સુધીનું રહેશે. તા.૧૧-૬-૧૮**ને સોમવારથી નવું સત્ર શરૂ થશે.

તા.૧૦-૪-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી